આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મકર

આજના ગ્રહોની કુંડળી



કુંભ રાશિમાં ચંદ્ર ભ્રમણ ગુરુથી દ્રષ્ટ. વક્રી ગુરુ હોઈ ગજકેસરી યોગ થાય છે પરંતુ અસરો ઓછી મળે. ગુરુ - સૂર્ય ને મંગળ - શુક્ર પરિવર્તનથી ઉચ્ચના થાય છે. સૂર્ય મકરમાં તા. ૧૪મીની રાત્રે દોઢ વાગે પ્રવેશે છે. મકર સંક્રાન્ત થાય છે. રાહુ ત્રીસમીએ સિંહ રાશિમાં પ્રવેશ કરે છે. આજે સિંહથી મીન રાશિનો સંપૂર્ણ શુભ માલાયોગ છે.

મેષ અગિયારમે ચંદ્ર પ્રવાસ કરાવે. રાશિપતિ મંગળની દ્રષ્ટિ રાશી પર છે. સાહસ કરાવે. ગુસ્સાને કાબૂમાં રાખવો હિતાવહ છે. શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. સાચવવું.

વૃષભ રાશિથી પાંચ-છ-સાત આઠમા સ્થાનમાં પાપ ગ્રહો હોઈ પેટ - પેઢુના દર્દોથી સાચવવું. આર્થિક લાભના યોગો છે. કૌટુંબિક સુખમાં બાધા આવે - આપણી ઈચ્છા મુજબ ન થાય.

મિથુન ચૌદમી તારીખે રાત્રે સૂર્ય મકરમાં આવે ત્યારબાદ વધુ સુખ પ્રાપ્ત થાય. આઠમે સૂર્ય દાઝવાથી વાગવાથી-પડવાથી સાચવવાનું સૂચવે છે. ચોથે રાહુ બધુ સુખ હોય તો પણ વ્યગ્રતા આપે છે.

કર્ક ચોથે મંગળ - આઠમે ચંદ્ર-પર દ્રષ્ટિ કરે છે. કામ અને વાસના વધુ ઉભી કરાવે. શક્ય હોય તો ખૂબ જ પ્રવૃત્તિમય રહેવું. મિત્રોથી ઘેરાયેલા રહેલું - ભક્તિ કરવી.

સિંહ ચોથે શનિ - શુક્ર પનોતી હોવા છતાંય નડતરરૂપ નથી. કારણ કે શનિની સાથે શુક્ર છે. રાશિમાં વક્રી ગુરુ - શનિથી દ્રષ્ટ હોવા છતાંય અને ચંદ્રથી દ્રષ્ટ હોવા છતાંય નુકસાન નહીં થાય.

કન્યા રાશિમાં રાહુ તથા છઠ્ઠે ચંદ્ર - ચોથે સૂર્ય, ક્રોધ કરાવે, ગુસ્સો કાબૂમાં રાખો. અપશબ્દો - ગાળો - બોલવી નહીં - વિવાદમાં ઉતરવું નહીં - નહીં તો મોટું નુકસાન થશે.

તુલા બારમે રાશિમાં - બીજે પાપગ્રહો હોઈ શાંતિથી દિવસ પસાર કરવો. આનંદમાં રહેવાના પ્રયત્નો કરવા. પાંચમે ચંદ્ર સંતાનોથી પ્રેમ અપાવે - સુખ અપાવે.

વૃશ્ચિક બારમે મંગળ અને રાશિમાં શનિ શુક્ર ભૌતિક સુખોની ઝંખના વધુ આપે જે મળે નહિં. મિત્રો અને ભાઈઓથી નુકસાન થાય. ત્રીજે શનિ - મંગળની દ્રષ્ટિ ભાઈભાંડુઓથી - મિત્રોથી દુ:ખ આપે.

ધન સૂર્ય રાશિમાંથી આવતીકાલે રાત્રે દોઢ વાગે મકર સંક્રાન્ત થશે. શનિની પનોતી ખર્ચા કરાવે. પંદરમી પછીથી શરદી - ખાંસી - તાવ ન આવે તે માટે ધ્યાન રાખવું. સંયમ રાખવો.

મકર ચંદ્રથી બારમે રાશિમાં બુધ વક્રી હોઈ તેમજ મકરસક્રાંન્ત થનારક હોઈ ખોટા ખર્ચાઓ કરાવે. વાદ-વિવાદમાં ન ઉતરવું. દેવામાં ડૂબી ન જવાય તે જોવું. વક્રી બુધ સટ્ટો કરવા પ્રેરે.

કુંભ લગ્નેચંદ્ર રાશિમાં હોઈ રોમાન્ટીક બનાવે - કવિતાઓ લખાવે - ઉત્તમ કૃતિનું સર્જન કરાવે - લોકપ્રિયતા આપે. પત્નીથી સુખ - સંતોષ મળે - પ્રેમ મળે.

મીન સાતમે રાહુ - આઠમે મંગળ તમોને ખતરાની ઘંટી બજાવે છે. સાચવવું - બારમે ચંદ્ર સૌદર્ય પ્રસાધનોમાં અને બાળકો માટે ખોટા ખર્ચા કરાવે.

માર્ગ સલામતી સપ્તાહ અન્વયે એસ.ટી.ના ૧૧૦ ડ્રાઈવર કંડકટરોની દષ્ટી ચકાસણી

ગાંધીનગર તા ૧૨

શહેરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે આજે એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટરની દ્રષ્ટી ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ડેપો ખાતે ૧૧૧ ડ્રાઈવર કંડકટરની દ્રષ્ટીની તપાસ કરવામાં આવી હતી. આજે હીલવુડ સ્કુલ ખાતે રોડ સેફટી અન્વયે વિદ્યાર્થીઓને જાણકારી આપી પ્રશ્નોત્તરી કરવામાં આવશે.

શહેરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે માર્ગ સલામતી સપ્તાહના પ્રારંભે બાઈક અને કાર રેલી યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વાહનચાલકો જોડાયા હતા. વાહનચાલકોને ગુલાબનુ ફુલ આપી ટ્રાફિક નિયમન અંગે સમજણ પુરી પાડવામાં આવી હતી. જયારે ગઈકાલ શેઠ સી એમ હાઈસ્કુલમાં પણ વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમન અંગે પ્રશ્નોત્તરી કરી હતી. જયારે આજે શહેર વસાહત મહામંડળ આર ટી ઓ કચેરી તેમજ તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે એસ ટી ડેપોમાં દ્રષ્ટી ચકાસણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટરો તેમજ સ્ટાફના માણસોની પણ દ્રષ્ટી ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન એ આર ટી ઓ ઋત્વિજા દાણી શેહર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, બી એ શુકલ, મયુર વ્યાસ ,કીશોર જીકાદરા સહીતના અગ્રણીઓ હાજર રહયા હતા. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે તા ૧૩ જાન્યુઆરીના રોજ હીલવુડ સ્કુલ ખાતે રોડ સેફટી અંગે વિદ્યાર્થીઓને માહીતગાર કરાશે.

શહેરના મેયરે સિવિલની મુલાકાત લઈ દર્દીના ખબર અંતર પુછ્યા

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર શહેરના પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદીએ આજે સવારે ઓંચિતી સિવિલની મુલાકાત લીધી હતી. સિવિલના નવા બિલ્ડીંગમાં આવેલા તમામ વોર્ડ અને વિભાગોની મુલાકાત કરીને ઝીણવટભર્યું નિરિક્ષણ કરીને દર્દીઓને મળી ને ખબર અંતર પુછીને સુવિધા વિશે પુછપરછ કરી હતી. મેયરની મુલાકાતને પગલે સિવિલના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

ગાંધીનગરના મેયર હંસાબેન મોદીને અવારનવાર સિવિલ અંગે દર્દીઓની મળતી ફરિયાદને પગલે આજે સવારે અચાનક મેયર દોડી આવ્યા હતા. સિવિલના તાત્કાલીક વિભાગ, લેબર વોર્ડ, આઈસીસીયુ, ફીઝીયોથેરાપી, હિમોડાયાલીસીસ સહિતના વિવિધ વોર્ડમાં ફરીને ઈન્ડોર દર્દીને મળીને મળતી સુવિધા અંગે પુછપરછ કરી હતી. મેયર ફીઝીયોથેરાપી તેમજ હિમોડાયાલીસીસ સેન્ટરથી પ્રભાવિત થયા હતા. મેયરે ૨ કલાક ફરીને તમામ વોર્ડ તેમજ વિભાગો માં ફરીને ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને સિવિલના તંત્રને ફિઝીયોથેરાપી સેન્ટરમાં ઈન્ટરશીપ કરતા વિદ્યાર્થીઓને પરત લાવવા અને ફીજીયોથેરાપી સેન્ટર ગ્રાઉન્ડ ફલોર પર લાવવા સુચન કર્યું હતું. સિવિલમાં ઓપીડી વિભાગમાં કેસ પેપરની લાઈન જોઈ મેયર પણ ચોંકી ગયા હતા. કેસ બારી અંગે સિવિલના સતાધિશોએ જણાવ્યું હતુંકે ટુંક સમયમાં ૪ બારીની જગ્યાએ ૧૦ કેસ બારી કાર્યરત કરી દેવાશે તેમજ ટુંક સમયમાં ઓપીડી કેસ ઓનલાઈન નીકળી શકશે. મેયરની મુલાકાત સમયે સિવિલના આર.એમ.ઓ કલ્પેશ શાહ, પી.આર.ઓ જયંતિભાઈ આહીર, તેમજ એસ.આઈ ભરત બારોટ હાજર રહ્યા હતા.

અરવલ્લીમાં ૧૨ હજાર નવા મતદારો ઉમેરાશે

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હાથ ધરાયેલી મતદારયાદી સુધારણા કાર્યક્રમ હેઠળ ૧૨ હજાર નવા મતદારોએ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી હતી. જ્યારે નામ નોંધણી રદ કરાવવા, નોંધાયેલા નામ સહિત અન્ય જરૂરી સુધારા કરાવવા સહિત સ્થળ સરનામામાં સુધારા માટે ૨૭,૬૬૬ મતદારોએ લાભ લીધો હતો. અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા. ૫ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાઈ હતી. ઝુંબેશ દરમિયાન મોડાસા તાલુકાના ૩૨૬૬, બાયડ તાલુકાના ૨૬૨૮ અને ભિલોડા તાલુકાના ૨૩૮૯ સહિત જિલ્લામાંથી ૧૨ હજાર નવા મતદારોએ મતદાર યાદીમાં નામ નોંધાવવા ફોર્મ નમૂના-૬ હેઠળ અરજી દ્વારા પોતાના હક્ક, દાવા રજૂ કર્યા હતા. જ્યારે મતદાર યાદીમાંથી નામ રદ કરાવવા ૨૬૨૫, મતદાર યાદીમાં રહેલ અન્ય વિગતો સુધારવા ૧૨,૪૮૦ અને એક ભાગમાંથી બીજા ભાગમાં (સરનામુ) સુધારો કરવા પ૬૧ મતદારોએ જરૂરી ફોર્મમાં સંબંધિત વિભાગોમાં અરજી રજૂ કરી હતી. જિલ્લા કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર દેસાઈના જણાવ્યા મુજબ ૧ જાન્યુઆરી, ૧૬ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ૧૨ હજાર અરજદારોની મતદારયાદીમાં નામ દાખલ કરવા અરજી મળી છે. હાલ પણ ઝુંબેશ ચાલુ છે. મળેલા હક્ક-દાવાઓની ૧૬ જાન્યુઆરી સુધીમાં નિકાલ કરી ૨૨મી જાન્યુઆરી સુધીમાં મતદારયાદી પ્રસિદ્ધિ કરાશે.

દહેગામ અને પુંધરાના આરોગ્ય કેન્દ્રને સ્વચ્છતાના પુરસ્કાર એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ માણસાના પુંધરા પ્રાથમિક આરોગ્યે કન્દ્રને કાયાકલ્પ યોજના અંતર્ગત આજે રોકડ પુરસ્કાર અને ગુણવત્તાસભર સેવાના સન્માન પત્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. જિલ્લાની ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભિમજીયાણીના હસ્તે આ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા છે.

દહેગામ સીએચસીને રૂ. એક લાખનું અને પુંધરા પીએચસીને રૂ. ૫૦ હજારનું રોકડ ઈનામ આપવામાં આવેલ છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણીએ જણાવ્યુ હતુ કે કમિશનર કચેરી દ્વારા યોજાયેલ સ્વચ્છતા મિશન અંતર્ગત સ્પર્ધામાં આ બે કેન્દ્રોના શ્રેષ્ઠ દેખાવ અને કામગીરીને લઈ રાજ્યકક્ષાએ પસંદગી થઈ હતી. સરકારની માર્ગદર્શક સૂચનાને પગલે આજે મળેલ બેઠકમાં આ પુરસ્કાર અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે તબીબી અધિકારીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

બેંકના એટીએમનો કાર્ડ નંબર જાણી ગઠીયાએ ૨૧ હજાર ઉઠાવી લીધા

ખેડબ્રહ્માના એક ઈસમને રાંધણ ગેસની સબસીડી જમા કરાવવાનું કહી વિશ્વાસમાં લઈ પિતાના બેંકના એટીએમ કાર્ડનો નંબર પુત્ર પાસે જાણી લઈ બેંક ખાતામાંથી રૂ. ૨૧૫૦૦ ઉપડી ગયાની ફરિયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માની સાંઈનાથ સોસાયટીમાં રહેતા વાઘેલા રણવીરસિંહ ભવરસિંહ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખાતુ ધરાવે છે. રણવીરસિંહના બે પુત્ર એક જીપ ડ્રાઈવીંગ કરે છે જયારે બીજો અભ્યાસ કરે છે. દરમિયાન રવિવારે રણવિરસિંહના પુત્ર જયમિતસિંહના મોબાઈલ પર ફોન આવેલ કે તમારા ખાતામાં રાંધણગેસની સબસીડી જમા કરવાની છે તેમ કહી બેંકના એટીએમ કાર્ડનો નંબર માંગ્યો હતો તેથી જયમીતે તેમના ભાઈને પુછી તેમના પિતાના ખાતાનો એટીએમનો નંબર આપ્યો હતો. દરમિયાન રણવીરસિંહના મોબાઈલ ઉપરથી એસએમએસથી રૂ. ૫૦૦૦ના ઉપાડની જાણ કરવામાં આવી હતી.

સ્વામી વિવેકાનંદ જયંતિએ મુખ્યમંત્રીની આદરાંજલી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આધુનિક ભારતના સ્વપ્રદષ્ટા સ્વામી વિવેકાનંદજીની ૧૫૪મી જન્મતિથીએ વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. તેમણે આ અવસરે ઉપસ્થિત ગાંધીનગરની શાળાના બાળકો સાથે વિવેકાનંદજીના જીવન કવન વિષયક સંવાદ કર્યો હતો. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર, દંડકશ્રી પંકજભાઈ દેસાઈ તથા પદાધિકારીઓ-અધિકારીઓએ પણ સ્વામી વિવેકાનંજીને ભાવંજલિ અર્પણ કરી હતી.

ઈન્ટરપોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા બાદ તેની તરત ધરપકડની શક્યતા દેખાઈ રહી નથી પરંતુ તેમના પર શંકા વધી ગઈ છે. દરમિયાન પઠાણકોટ એરફોર્સ બેઝમાં કરવામાં આવેલા હુમલામાં કોઈ અંદરના લોકોની સંડોવણી હોવાના અહેવાલ પણ આવી રહ્યા છે. ગઈકાલે અધિકારીઓ દ્વારા સલવિન્દરની આકરી પુછપરછ કરવામાં આવી હતી. એનઆઈએના અધિકારીઓ દ્વારા કલાકો સુધી તેમની પુછપરછ કરવામાં આવી હતી. સલવિન્દરસિંહ, તેમના જવેલર મિત્ર રાજેશ વર્મા અને કૂક મદન ગોપાલનું ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું હતું. ૩૧મી ડિસેમ્બરની રાત્રે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતુ. ત્રાસવાદી હુમલા મામલે ઉંડી તપાસ ચાલી રહી છે. કેટલીક નક્કર કડીઓ હાથ પણ લાગી છે, ઈન્ટરપોલની મદદ લેવાયા બાદ વધારે વિગત સપાટી પર આવી શકે છે. દરમિયાનમાં ઉંડી તપાસ હજુ પણ ચાલી રહી છે જેમાં જાણવા મળ્યું છે કે, પઠાણકોટમાં જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓને હથિયાર સહિત એરબેઝમાં ઘુસવા માટે કોઈ અંદરની વ્યક્તિએ જ મદદ કરી હતી. એનઆઈએની ટીમ દ્વારા તપાસમાં આ વાત કબૂલી લેવામાં આવી છે. એવું પણ જાણવા મળ્યું છે કે, તમામ ત્રાસવાદી હુમલો કરતા પહેલા જ એરબેઝમાં પહોંચી ગયા હતા. બીજી જાન્યુઆરીએ પ્રથમ હુમલો ૩.૩૦ વાગે થયો હતો.

વીઝાનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રીષણ ત્રાસવાદી હુમલો થઈ ચુક્યો છે. આ બાબતને પણ ધ્યાનમાં લઈને સાવચેતી રાખવામાં આવી રહી છે. સાથે સાથે પ્રજાસત્તાક દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે. પઠાણકોટ હુમલામાં ભારતના સાત જવાન શહીદ થયા હતા અને છ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ હુમલા બાદ દેશમાં એલર્ટની જાહેરાત કરવામાં આવેલી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે, વિઝા અરજીદારોની ભારતમાં જવાબદારી કોઈ વ્યક્તિ ઉપાડે તો જ તમામ પ્રક્રિયા શક્ય બની શકે છે. આ વખતે તેમની જવાબદારી કોઈએ પણ લીધી નથી જેના પરિણામ સ્વરુપે પાકિસ્તાની તીર્થ યાત્રીઓને વિઝા ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

નૃત્યો રજૂ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી અને તેની પસંદગી થઈ પણ ગઈ. એનાથી કિન્નરી ખૂબ ખુશ છે. કારણ કે અહીં તેને પોતાનાં કલાગુરુ શર્મિષ્ઠા સરકાર સાથે ડાન્સ પરફૉર્મ કરવાની તક મળવાની છે. એના અમેરિકાના કલાગારુએ એને પ્રેરણા આપી જેના કારણે તે પોતાના ભારતીય કલાગુરુ સાથે ડાન્સ પરફોર્મ કરી શકશે એ બાબતને તે પોતાના માટે જીવનની યાદગાર ઘટના ગણાવે છે.

પોતાની સફળતા માટેનું શ્રેય પોતાના પરિવારને આપતી કિન્નરી પોતાનાં માતા ઈલાબેનને પોતાની પ્રેરણામૂર્તિ માને છે.

ઉત્તરાર્ધ ઉત્સવમાં કિન્નરી દ્વારા 'દૈવી શક્તિ' થીમ ઉપર પાંચ ડાન્સ પ્રસ્તુત થશે, જે પૈકી એકના શબ્દો ગુજરાતી પણ છે : 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...'

ગાંધીનગરનો આ કલાસૂરજ મોઢેરામાં અજવાળું કરવા જઈ રહ્યો છે ત્યારે તેને આપણી શુભકામનાઓનો ઉજાસ અર્પણ.

રિક્ષા ગેંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પત્નિ અનિતાબેન રૂપિયા અને સોનાની બંગડી તથા વીંટી જેવા દાગીના સાથેનો થેલો લઈને પાછળની સીટમાં બેઠા હતા. પાછળથી અગાઉથી જ બે મુસાફરો હોવાથી એકની જગ્યા હતી એટલે શંભુભાઈને આગળ બેસાડયા હતા. રિક્ષા માણસા તરફ રવાના કરી અને રસ્તામાં ટાટા ચોકડી પાસે રિક્ષા બંધ પડી હોવાનું તરકટ કરી દંપતિને રિક્ષામાંથી ઉતારી મુકયા હતા. થોડીવારમાં રિક્ષા ચાલુ કરીને રિક્ષા સાથે ડ્રાઈવર અને પાછળ બેસેલા અન્ય શખ્સો સરકી ગયા હતા. રિક્ષા ભાડુ લીધા વગર રિક્ષાચાલક કેમ જતા રહ્યાં? તે વિચારીને શંકા પડતા શંભુભાઈએ પત્નિના હાથમાં રહેલો થેલો તપાસ્યો.. ત્યારે ખ્યાલ આવ્યો કે નજર ચુકવીને થેલામાંથી રૂ. ૧૪,૮૦૦ તથા દાગીના મળીને કુલ રૂ. ૧.૩૧ લાખની મત્તા સેરવી રિક્ષા ગેંગ રફુચક્કર થઈ ગઈ છે આ ઘટના અંગે સે-૨૧ પોલીસને શંભુભાઈએ જાણ કરતા પી.એસ.આઈ. એ.ડી.ગોહિલે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

બાળકોને ઝાડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી કોઈ ફરિયાદ નહિ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોઈ બાળકને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો નથી તેમજ બાળકોની સ્થિતિ સારી હોવાનું જણાવાયું છે.

ગામમાં સર્વેલન્સ દરમ્યાન કોઈ નવા શંકાસ્પદ કેસ નહિ મળ્યા હોવાનું પણ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જો કે તંત્ર કોઈ ચૂક રાખવાના મૂડમાં નથી તેથી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

દક્ષિણ ગુજરાતને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા માળખાની રચના થવાની છે ત્યારે આ વાતે ભારે જોર પકડ્યું છે.

હાલ સૌરાષ્ટ્રના પ્રમુખ છે અને ઉત્તર ગુજરાતના મુખ્યમંત્રી છે. આ સંજોગોમાં હવે દ. ગુજરાતનો વારો પણ આવે છે અને હક્ક પણ બને છે તે સંજોગોમાં સંગઠનમાં નિમણુંકનો મામલો પેચીદો બન્યો છે. રાજ્યસભામાં પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને તક મળી છે ત્યારે દ. ગુજરાતને એક તક આપવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હોવાનું સમર્થન કરતાં સૂત્રો એવુ જણાવી રહ્યા છે કે મધ્ય ગુજરાત પણ આનાથી સચવાઈ જશે એટલુ જ નહિ દ. ગુજરાતમાં પંચાયતોની ચૂંટણીમાં સારા પરિણામો પણ મળ્યા છે. લોકસભામાં અને વિધાનસભામાં સારા પરિણામોથી દ. ગુજરાતનો દાવો મજબુત બન્યો હોવાનું આ સૂત્રોનું માનવુ છે.

ચેક પરત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એડીશ્નલ ચીફ જયુ મેજી કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે કિરીટભાઈ લાભશંકર મહેતાએ દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ જજ મોહમંદહનીફ એ મિરઝાએ આ કેસના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા તેમજ રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

ગુલમોર

(૪ પાનાનું ચાલુ...)

થઈ જાય એટલું સમજાય એટલે બેડો પાર.

પ્રેમની પરાકાષ્ઠા પણ સમજીએ. પ્રેમ કરવો યાને પ્રેમની શરુઆત કરવી કદાચ સહેલી છે, પરંતુ આપણા જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રેમ નિભાવી રાખવો બહુ અઘરું હોય છે. કોઈના પ્રેમનો અસ્વીકાર કરવો આસાન હોય છે, પણ કોઈનો પ્રેમ ભુલવો બહુ કઠિન છે. મંદિર બનાવવું આસાન છે, પણ એમાં રોજબરોજ પૂજા કરવાનો ખર્ચ ઠાવવો કઠિન કાર્ય છે.

દુનિયામાં એવી કોઈ વ્યક્તિ ન હોઈ શકે કે જે પ્રેમ કરવા માગતી ન હોય. દરેક વ્યક્તિ પાસે હૈયું કોમળ જ હોય, પથ્થરનું નહીં. પ્રેમમાં ડૂબવાનું સૌને મન હોય. પ્રેમ નજર સમક્ષ મળી આવે પણ ખરો. પરંતુ કેટલાક કારણો હોય છે કે નજર સામે ગંગા હોય અને તમે ડૂબકી ન લગાવી શકો. એમાં તમારા નસીબનો દોષ હોઈ શકે. તમારા નસીબમાં પ્રેમ ન પણ હોય. પ્રેમ તો આપણી આસપાસ હોય જ છે. પ્રેમ આપણને પોકાર કરે પણ ખરો. પરંતુ આપણો સ્વભાવ, આપણો અહંકાર, આપણું અતડાપણું, આપણો ડર યા ભય, આપણી સામાજિક પ્રતિષ્ઠાની જુઠી માન્યતાઓ વગેરે સંખ્યાબંધ તત્વો પ્રેમના દુશ્મન હોય છે, જે આપણને પ્રેમ કરતા રોકી લે છે.

પ્રેમ કરવો એટલે આપણા પોતાના અસ્તિત્વને સામી વ્યક્તિના અસ્તિત્વમાં સમાવી દેવું. સામી વ્યક્તિમાં એકાકાર થવું, એકરુપ થઈ જવું. જે રીતે જળ પાત્રના આકારમાં ઢળી જાય છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિના અને બીજી વ્યક્તિ પહેલી વ્યક્તિના આકારમાં અને અસ્તિત્વમાં ઢળી જાય છે. જે પાત્રમાં જળ પડે છે, તે પાત્ર જ જળનો આકાર બની રહે. જળનો પછી પોતાનો મૌલિક કે સ્વતંત્ર આકાર નથી રહેતો.

પ્રેમમાં વ્યક્તિનું સમગ્ર વ્યક્તિત્વ મટી જાય છે. વ્યક્તિ પોતાનો નહીં, પારકો એટલે કે બીજાનો બની જાય છે. પ્રેમ એટલે મૃત્યુની સમીપ જવાની અવસ્થા છે. પ્રેમ એટલે જાનફેસાની. પ્રેમ એટલે સામી વ્યક્તિ માટે મરી મીટવું અને મરી ફિટવું. પ્રેમ એટલે પોતાના અસ્તિત્વનો સામા વ્યક્તિના અસ્તિત્વમાં સમાવેશ કરવોકરાવવો. પ્રેમ એટલે સામી વ્યક્તિમાં પોતાની જાતને, પોતાના અસ્તિત્વને ઓગાળી દેવું. એકબીજાના અહંકાર પણ ઓગળી જાય છે. એકમેકના રાગદ્વેષ પણ સમાઝ થઈ જાય છે. બાકી બચી રહે છે તો એ માત્ર પ્રેમ જ રહે છે.

એક હિન્દી ફિલ્મ ગીતની કડી છે કે 'હમ રહે ના હમ, તુમ રહો ના તુમ...' પ્રેમ તો બધાને કરવો હોય છે, પરંતુ અડચણ એ વાતની હોય છે કે આપણે આપણી જાતને બચાવીને રાખવા માગીએ છીએ. જે પોતાની જાતને બચાવીને રાખવા માગતા હોય છે તે પ્રેમ કરી શકતા નથી. આપણે કશું જતું કરવા માગતા હોતા નથી. આપણે સમર્પણ કરવા માગતા નથી કે આપણે આપણું કશું જ ખર્ચ કરવા માગતા નથી.

પ્રેમ કરવો છે પણ કશું આપવું નથી, તો પ્રેમ ક્યાંથી સંભવ બને? આપીને પામવાનું નામ એટલે પ્રેમ. માગીને પામવાનું નામ પ્રેમ ન હોઈ શકે. પ્રેમ કોઈ ભિક્ષા નથી કે માગવામાં આવે. પ્રેમ એટલે જ ઉદારતા. આપતા રહેવાનો આનંદ એટલે પ્રેમ. આપ્યા કરવાનો ઉત્સવ એટલે પ્રેમ. જો હિસાબકિતાબ રાખવામાં આવશે તો પ્રેમ વરાળ બનીને ડી જશે. પ્રેમ કોઈ ધંધો કે વ્યવહાર નથી.

સ્ટોપર :

પ્રેમરૂપી કંટકથી દિલને ઘાયલ કર્યા વિના કોઈ પંખી ગાઈ શક્યું છે?

- ખલિલ જિબ્રાન

hello ફ્રેન્ડ્સ!

(૪ પાનાનું ચાલુ...)

ડબલ સરનેમનું સ્ટેટ્સ ધરાવતી સ્ત્રીઓ તો હવે ઘણી પરિચયમાં આવે છે, મજાની વાત જુઓ કે શિર્ષક શેર લખનારાં કવિની પત્ની પણ કૈલાસ પટેલ ગોપાણી ડબલ સરનેમ ધરાવે છે!

ચૂંટલો : આજની સ્ત્રીઓ જુની ઓળખ સાચવતી અટક સાથે નવા સંબંધની નવી અટક લગાડવાની મસ્ત ફેસીલીટી મળી ગઈ છે. આ નવાં ટ્રેન્ડમાં આત્મવિશ્વાસ અને આત્મસંતોષ એમ ડબલ બેનીફીટ સાથે સ્ત્રીઓ વટભેર સમાજમાં ફરી શકે છે.

ટેન્ડર હરાજી (સુધારા જાહેરાત)

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની (ક્વાલીસ ડીઝલ) વાહન નં. GJ 18 G 1723 મોડલ ૨૦૦૪ હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૨૦/૧/૨૦૧૬ના રોજ ટેન્ડર પદ્ધતિથી નિકાલ કરવા તા. ૬/૧/૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

ઉક્ત વાહન માટે હરાજીના ટેન્ડર ફોર્મ વિતરણની તારીખ-૧૧/૧/૨૦૧૬ના ૧૩.૦૦ કલાક હતી. તેની જગ્યાએ તા. ૧૯/૧/૨૦૧૬ ૧૭.૩૦ કલાક સુધી ટેન્ડર ફોર્મ વિતરણ તથા સ્વિકારવામાં આવશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૩૦૪/૨૦૧૫-૧૬